## FREQUENTLY ASKED QUESTIONS:

## કપાસની ખેતીના પ્રશ્નો અને તેનું નિરાકરણ

| | |
|---|---|
| (૧) | **ભારત સરકાર દ્વારા અત્યાર સુધીમાં બીટી કપાસની કેટલી જાતોને વાવેતર માટે માન્યતા આપવામાં આવી છે ?**<br>➢ વર્ષ-૨૦૨૩ સુધીમાં અંદાજે ૧૫૦૦ થી વધારે બીટી કપાસની જાતોને માન્યતા આપવામાં આવી છે. |
| (૨) | **ગુજરાત રાજયમાં ભારત સરકારે માન્ય કરેલ જાહેર  બીટી કપાસની જાતો કઈ-કઈ છે ?**<br>➢ ગુજરાત સરકારે જાહેર દ્વારા જુદી-જુદી પાંચ બીટી કપાસની જાતોને માન્યતા આપવામાં આવેલ છે જેમ કે, ગુજરાત કપાસ સંકર-૬ (બોલગાર્ડ-૨), ગુજરાત કપાસ સંકર-૮ (બોલગાર્ડ-૨), ગુજરાત તલોદ હીરસુટમ હાઈબ્રીડ-૪૯ (બોલગાર્ડ-૨), ગુજરાત કપાસ હાઈબ્રીડ-૧૦ (બોલગાર્ડ-૨), ગુજરાત કપાસ હાઈબ્રીડ-૧૨ (બોલગાર્ડ-૨), ગુજરાત કપાસ હાઈબ્રીડ-૨૪ (બોલગાર્ડ-૨) અને ગુજરાત કપાસ હાઈબ્રીડ-૨૬ (બોલગાર્ડ-૨).જાહેર  જાતોનું બિયારણ ગુજરાત રાજયની બીજ નિગમની જુદી-જુદી શાખાઓમાંથી મેળવી શકાસે. |
| (૩) | **વાવેતર પધ્ધતિ પ્રમાણે બીટી કપાસની જાતોની પસંદગી કેવી રીતે કરવી ?**<br>➢ વહેલી પાકતી જાતો કે જેમાં ૪૫ થી ૫૦ દિવસે ફુલ આવતા હોય તેવી જાતો પસંદ કરવી.<br>➢ મધ્યમ મોડી પાકતી જાતો કે જેમાં ૫૦ થી ૫૫ દિવસે ફુલ આવતા હોય તેવી જાતો પસંદ કરવી.<br>➢ મોડી પાકતી જાતો કે જેમાં ૫૫ દિવસ પછી ફુલ આવતા હોય તેવી જાતો પસંદ કરવી.<br>➢ કપાસનું આગોતરું વાવેતર મે મહિનાના બીજા પખવાડીયા પછી થી જુનના પ્રથમ પખવાડીયા સુધીમાં કરવું.<br>➢ સમયસરનું વાવેતર જુનના બીજા અઠવાડીયાથી જુલાઈના પ્રથમ અઠવાડીયામાં વરસાદ થયા બાદ કરવું.<br>➢ કપાસનું મોડામાં મોડુ વાવેતર ૧૫ જુલાઈ સુધી કરવું જોઈએ. |
| (૪) | **કપાસનું એકમદીઠ ઉત્પાદન વધારવા શું કરવું ?**<br>➢ જમીનનું પૃથ્થકરણ કરી ઘટતા તત્વો જમીનમાં ઉમેરવા.<br>➢ વહેલી પાકતી અને વધુ ઉત્પાદન આપતી જાતો/હાઈબ્રીડસ વાવેતર માટે પસંદ કરવા.<br>➢ જૈવિક અને અજૈવિક પરીબળો સામે પ્રતિકારકતા ધરાવતી જાતો/હાઈબ્રીડસ વાવેતર માટે પસંદ કરવા.<br>➢ સમયસર અને સાંકડા અંતરે વાવેતર કરવું.<br>➢ પિયત માટે પાણીનો આયોજન બધ્ધ ઉપયોગ કરવો.<br>➢ સમયસર પાક સંરક્ષણના પગલા લેવા.<br>➢ ચાંપવા, ફુલ-ભમરી, જીંડવા ખરતા અટકાવવા. |
| (૫) | **જમીન સુધારણા અને જમીનની ફળદ્રુપતા વધારવા શું કરવું ?**<br>➢ જમીન સુધારણા માટે જમીનમાં જીપ્સમ, ટાંચ કે દિવેલીનો ખોળ જમીનમાં ઉમેરવો.<br>➢ જમીનમાં સારૂ કોહવાયેલુ, છાણિયું ખાતર, કમ્પોસ્ટ કે અળસિયાનું ખાતર ઉમેરવું.<br>➢ જમીનમાં લીલો પડવાશ કરવો.<br>➢ જમીનમાં એઝોટોબેક્ટર, રાઈઝોબીયમ કલ્ચર, ફોસ્ફોબેક્ટેરીયા (પીએસબી) વગેરે ઉમેરવા. |
| (૬) | **કપાસમાં આવતી ચૂસિયા પ્રકારની જીવાતોનું નિયંત્રણ કેમ કરવું ?** |

| | |
|---|---|
| | ➢ ચૂસિયા જીવાતો સામે પ્રતિકારક જાતોનું વાવેતર કરવું.<br>➢ અવલોકન અને નિગાહ પધ્ધતિનો ઉપયોગ કરવો.<br>➢ ક્ષમ્યમાત્રાએ દવાનો છંટકાવ શરૂ કરવો.<br>➢ શરૂઆતમાં ઓછી ઝેરી દવાઓ અને ત્યારબાદ વધુ ઝેરી અસરકારક શોષક પ્રકારની દવાઓનો છંટકાવ કરવો. જેમકે, બ્યુવેરીયા ૬૦ ગ્રામ અથવા ઈમીડાકલોપ્રીડ ૪ મીલી અથવા થાયોમીકથોકઝામ ૨ ગ્રામ અથવા એસીટામીપ્રીડ ૨ ગ્રામ અથવા ડીનેટોફ્યુરાન ૪ ગ્રામ અથવા ફ્લોનિકામીડ ૪ ગ્રામ દવા ૧૦ લીટર પાણી ભેળવી છંટકાવ કરવો. |
| (૭) | **કપાસમાં આવતી મીલીબગનું નિયંત્રણ કેમ કરવું ?**<br>➢ ઉંડી ખેડ, શેઢા-પાળા સાફ સુફ તેમજ નિંદામણ મુકત કરવા.<br>➢ શેઢા-પાળા ઉપર ૧.૫ % ક્વીનાલફોસ ભુકીનો છંટકાવ કરવો.<br>➢ શરૂઆતમાં એકલ-દોકલ ઉપદ્રવિત છોડ દેખાય તો ઉખેડી બાળી નાશ કરવો.<br>➢ વધુ ઉપદ્રવ જણાય તો કલોરપાયરીફોસ (૨૫ મીલી), પ્રોફેનોફોસ કે ક્વીનાલફોસ (૨૦ મીલી) અથવા થાયોડીકાર્બ (૧૦ ગ્રામ) દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| (૮) | **કપાસમાં આવતી ગુલાબી ઈયળનું નિયંત્રણ કેમ કરવું ?**<br>➢ ખુબ વહેલું વાવેતર બંધ કરવું (એપ્રીલ- મે માસમાં).<br>➢ ગુલાબી ઈયળના ફેરોમેન ટ્રેપ વિઘા દીઠ બે મુકવા અને દર ૧૫ થી ૨૦ દિવસે લુર બદલવી.<br>➢ ગુલાબી ઈયળના ફુદાઓમાં સમાગમ વિક્ષેપન (નર મૂઝવણ) માટે એમ.ડી.પી. ટ્યુબ ના હેકટરે ૧૦૦૦ ટપકા કરવા અને ૩૦ દિવસે ફરીને કરવા.<br>➢ રાસાયણીક અને જૈવિક દવાઓનો સમયસર છંટકાવ કરવો.<br>➢ વહેલી પાકતી જાતો/હાઈબ્રીડસનું વાવેતર કરવું.<br>➢ છેલ્લી વીણી બાદ ખેતરમાં ઘેટા-બકરા ચરાવવા.<br>➢ છેલ્લી વીણી બાદ તૂરંત સાંઠીઓનો નાશ કરવો. |
| (૯) | **કપાસમાં આવતા સુકારાના રોગને અટકાવવા શું કાળજી લેવી જોઈએ ?**<br>➢ હલકી જમીનમાં જીંડવાની વિકાસ અવસ્થાએ જમીનમાં ભેજ જાળવી રાખવો.<br>➢ શકય હોય તો આંતર ખેડ કરવી.<br>➢ જમીનમાં પાણી ભરાઈ રહે તો તાત્કાલીક નિકાલ કરવો.<br>➢ સુકાતા છોડ અને તેની આજુ બાજુના ૪૦ થી ૫૦ છોડના મુળ નજીક કોપર ઓકઝીકલોરાઈડ ૦.૨ ટકાનું દ્રાવણ અથવા કાર્બોન્ડાઝીમ ૦.૨ ટકાનું દ્રાવણ (૧૦ લીટર પાણીમાં ૪૦ ગ્રામ દવા) રેડવું. |
| (૧૦) | **કપાસમાં આવતા પેરાવીલ્ટ, સુદાન વીલ્ટ કે ન્યુ વીલ્ટના નિયંત્રણ માટે શું કરવું ?**<br>➢ કોબાલ્ટ કલોરાઈડ ૧ ગ્રામ ૧૦૦ લી. પાણીમાં ઓગાળી તાત્કાલીક છંટકાવ કરવો<br>➢ છોડની ફરતે યુરિયા વિઘે ૨૦ કિલો પ્રમાણે આપવું.<br>➢ પોટેશિયમ નાઈટ્રેટ ૩ ટકા નો છંટકાવ કરવો.<br>➢ જમીનમાં પાણી ભરાઈ રહેતું હોય તો તાત્કાલીક નિકાલ કરવો. |
| (૧૧) | **કપાસમાં લાલ પાન થતા અટકાવવા શું કરવું ?** |

| | |
|---|---|
| | ➢ કપાસમાં ૧ થી ૨ % (૧૦૦ થી ૨૦૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં) યુરીયાના દ્રાવણનો છંટકાવ કરો.<br>➢ વાવણી સમય પહેલા જમીનમાં ૨૦ થી ૨૫ કિગ્રા પ્રતિ હેકટર મેગ્નીશીયમ સલ્ફેટ વાવવું.<br>➢ ચૂસિયા પ્રકારની જીવાતોનું સમયસર નિયંત્રણ કરવું.<br>➢ કપાસમાં ફુલની શરૂઆત થાય ત્યારે જીંડવાના વિકાસની અવસ્થાએ ૧૯-૧૯-૧૯ ના : ફો : પો એક પંપમાં ૧૦૦ ગ્રામ અને માઈક્રોમીકસ ૨૫ ગ્રામ નાંખી બે થી ત્રણ છંટકાવ કરવો.<br>➢ વાવણી બાદ ૩૦, ૬૦ અને ૯૦ દિવસે ૦.૫ ટકા યુરીયા, ૦.૫ ટકા ઝીંક સલ્ફેટ, ૦.૫ ટકા ફેરસ સલ્ફેટ અને ૦.૫ ટકા મેગ્નેશિયમ સલ્ફેટના દ્રાવણનો છંટકાવ કરવો. |
| (૧૨) | **કપાસમાં છાંપવા, ફુલ-ભમરી અને જીંડવા ખરી પડતા અટકાવવા શું કરવું ?**<br>➢ કપાસના પાકમાં ૫૦ અને ૭૦ દિવસે ૩૦ પીપીએમ (૦.૩ ગ્રામ/૧૦ લીટર પાણીમાં) વૃધ્ધિ વર્ધક નેપ્થેલીક એસિટીક એસીડનો છંટકાવ કરવો.<br>➢ ૯૦ દિવસે ૪૦ પીપીએમ (૦.૪ ગ્રામ/૧૦ લીટર પાણીમાં ) વૃધ્ધિ નિયંત્રક સાયકોસેલનો છંટકાવ કરવો. |
| (૧૩) | **કપાસમાં પિયત પાણીનો કાર્યક્રમ ઉપયોગ કેમ કરવો ?**<br>➢ ટપક સિંચાઈ પધ્ધતિનો ઉપયોગ કરવો.<br>➢ એકાંતરે પાટલે પિયત આપવું.<br>➢ બે પિયત વચ્ચેનો ગાળો ભલામણ પ્રમાણે રાખવો.<br>➢ વધુ ઉષ્ણતામાન રહેતુ હોય તેવા વિસ્તારમાં ટપક સિંચાઈ સાથે પ્લાસ્ટીક મલ્સનો ઉપયોગ કરવો. |
| (૧૪) | **કપાસના પાકમાં યાંત્રિકરણના ઉપયોગ માટે શું કરવું ?**<br>➢ કપાસની સાંઠીઓને ટ્રેકટર ડ્રોન મોબાઈલ શ્રેડર દ્રારા ભુકો કરી સેન્દ્રીય ખાતર બનાવવું.<br>➢ રોટાવેટર દ્રારા કપાસની સાંઠીઓનો ભુકો કરી જમીનમાં ઉમેરવી.<br>➢ કપાસની વિણી કરવાની નવી યાંત્રિક વ્યવસ્થા કરવી.<br>➢ કપાસ વીણવા માટે માણસ દ્રારા ચલાવાતા મશીનનો ઉપયોગ કરવો.<br>➢ ટ્રેકટર સંચાલીત સાંઠીઓ ઉખાડવાનું ઓજારનો ઉપયોગ કરવો.<br>➢ ટ્રેકટર માઉન્ટ પાવર સ્પ્રેયરનો જંતુનાશક દવા છંટકાવ કરવા ઉપયોગ કરવો.<br>કપાસના ખાલા પુરવા ડીબ્લરનો ઉપયોગ કરી શકાય. |
| (૧૫) | **કપાસના પાકમાં ખેતી ખર્ચ ઘટાડવા શું કરવું ?**<br>➢ કપાસના પાકમાં રાઈઝોબીયમ, એઝોટોબેકટર કલ્ચર, ફોસ્ફોબેકટેરીયા (પીએસબી) નો ઉપયોગ કરવો.<br>➢ નિંદામણ નિયંત્રણ માટે નિંદામણ નાશક દવાઓની ભલામણ પ્રમાણે ઉપયોગ કરવો.<br>➢ પાક સંરક્ષણ માટેની દવાઓ, હોરમોન્સી, જૈવિક ખાતરો, સુ૧મતત્વો તેમજ (માઈક્રોન્યુટ્રીયન્ટ) નો છંટકાવ ટ્રેકટર ડ્રોન પાવર પ્રેયરથી કરવો.<br>➢ કપાસમાં ટપક સિંચાઈ પધ્ધતિથી પિયત તેમજ પ્રવાહી ખાતરો (ફર્ટીગેશન) આપવા.<br>ભલામણ મુજબ આંતર ખેડ કરવી. |
| (૧૬) | **કપાસની સાંઠીઓનું કમ્પોસ્ટ ખાતર કેમ બનાવવું ?**<br>➢ કોટન સ્ટોક શ્રેડર દ્રારા કપાસની સાંઠીઓના નાના-નાના ટુકડા કરી વૈજ્ઞાનિક રીતે ખાડામાં વ્યવસ્થીત |

| | |
|---|---|
| | પાથરવા.<br>➢ તેના ઉપર છાણની રબડીનો છંટકાવ કરવો.<br>➢ સેલ્યુલાઈટીક બેકટેરીયા ૧ ટન સાંઠી દીઠ એક કિલો પ્રમાણે ૨૦૦ લીટર પાણીમાં દ્રાવણ બનાવી છંટકાવ કરવો.<br>➢ ખાડાને ટાંચ અથવા તો માટીથી ઢાંકી હવાચુસ્ત કરી તેના ઉપર પાણીનો છંટકાવ કરી વ્યવસ્થીત પલાળવું.<br>➢ એકાદ માસ બાદ તેને વ્યવસ્થીત રીતે ફેરવવું તથા જૈવિક કલ્ચર ઉમેરવું.<br>લગભગ ત્રણેક માંસમાં એકદમ ગળતિયું તથા બધા તત્વોથી સભર ખાતર તૈયાર થઈ જાય છે. |
| (૧૭) | **કપાસનું વાવેતર કેટલા અંતર કરવું જોઈએ ?**<br>➢ કપાસનાં પાકમાં વાવેતર અંતર કપાસની જાત પ્રમાણે જુદું જુદું રાખવું જોઈએ. સામાન્ય રીતે સંકર કપાસ, બીટી કપાસ પિયત માટે ૧૨૦ × ૪૫ સે.મી. નું અંતર રાખવું જોઈએ. જયારે બિનપિયત કપાસના વાવેતર માટે ૯૦ × ૩૦ સે.મી. નું અંતર રાખવું જોઈએ. દેશી કપાસની બિનપિયત હરબેશીયમ (દેશી) જાતો માટે વાવેતર અંતર ૯૦ × ૩૦ સે.મી. રાખવું જોઈએ જયારે આરબોરીયમ જાતો માટે ૬૦ × ૧૫ સે.મી. નું અંતર રાખવું જોઈએ. |
| (૧૮) | **કપાસના વાવેતર વખતે કઈ-કઈ બાબતો ધ્યાનમાં રાખવી ?**<br>➢ વાવેતર માટે સરકાર માન્ય, વધુ ઉત્પાદન આપતી, યોગ્ય જાતની પસંદગી કરવી<br>➢ વિવેક બુધ્ધિ વાપરી, પોતાની જમીનને ઓળખી, જમીન અને પાણીનું પૃથ્થકરણ કરી ભલામણ પ્રમાણે રાસાયણિક ખાતરો દેશી ખાતરો, જીવાણું ખાતરો અને જમીન સૂધારકો વાપરવા<br>➢ પિયત માટે સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવી.<br>➢ ઋતું દરમ્યાન રોગ ને જીવાતના નિયંત્રણ માટે સંકલિત રોગ જીવાતના નિયંત્રણ પગલાં લેવા. ઈયળ, ચૂસીયા પ્રકારની જીવાત તથા મિલીબગનાં આગોતરા અંકુશનું આયોજન કરવું<br>➢ બહું પાક પધ્ધતિ જેવીકે કપાસ સાથે મગફળી, કઠોળ વર્ગનાં પાકો-મગ-અડદ જેવા પાકો અપનાવવા જેથી આર્થિક લાભ વધારી અને જોખમ ઘટાડી શકાય છે<br>➢ લીલી ઈયળ, કાબરી ઈયળ, લશ્કરી ઈયળો તથા ગુલાબી ઈયળના નર ફુદાઓને આકર્ષવા ફેરોમેન ટ્રેપ્સ દરેક માટે એક હેકટરે પાંચ-દસની સંખ્યામાં ગોઠવવા<br>➢ કપાસના ખેતર ફરતે પીંજર પાક જેવા ગલગોટા/દિવેલા વાવેતર કરવાથી ફૂદાને આકર્ષે છે તેનો નાશ કરવાથી ઈયળોનું નિયંત્રણ થાય છે.<br>➢ કપાસની સાઠી નો ભૂકો કરી - સુક્ષ્મ જીવાણું ઓ ને છાણ-પાણી માં યોગ્ય પ્રમાણ રાખીને ઉપયોગ કરી, દેશી ખાતર જાતે બનાવવાથી દેશી ખાતરનો પ્રશ્ન હલ કરી શકાય.<br>➢ પાક ફેર બદલી કરવી.<br>➢ ઉંડી ખેડ કરવી.<br>➢ આગળના વર્ષના પાકના રોગ જીંવાત યુકત અવશેષો દુર કરવાં.<br>➢ ભલામણ પ્રમાણે રાસાયણીક ખાતરો, ગળતીયું ખાતર અને જૈવિક ખાતર વાપરવું. |